EDII

Gujarat Samachar

August 01, 2019
Page No. 03

## નવી ઉદ્યોગ નીતિ માટે વિચારવિમર્શ કરવા ૧૦ ટાસ્કફોર્સની રચના કરાઈ

# ગુજરાતને ગ્લોબલ ઈન્ડસ્ટ્રીયલ ડેસ્ટિનેશન બનાવવા પગલાં લેવાશે

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,બુધવાર

ઔદ્યોગિક મોરચે હરણફાળ ભરી રહેલા ગુજરાતને વૈશ્વિક ઔદ્યોગિક વિસ્તાર તરીકે વિશ્વમાં સંગીન સ્તરે મૂકી દેવા માટે ગુજરાતના મુખ્યમંત્રીએ ગુજરાતની નવી ઉદ્યોગનીતિમાં સમયને અનુરૂપ ફેરફાર કરવા માટે અભ્યાસ કરવા અને સૂઝાવો આપવા માટે દસ જેટલા ટાસ્કફોર્સની રચના કરી છે. પહેલી જાન્યુઆરી ૨૦૧૫થી અમલમાં આવેલી અને ડિસેમ્બર ૨૦૧૯ના અંતે ગુજરાતની વર્તમાન ઉદ્યોગનીતિની સમયાવધિ પૂર્ણ થવાની છે.

## નાના ઉદ્યોગોની જરૂરિયાતો ઉપરાંત માળખાકીય સુવિધાના વિકાસને કાર્યકુશળ માનવ બળ પેદા કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો નિર્ણય

મુખ્યમંત્રીએ નિર્દેશ આપ્યો છે કે આવનારા સમયમાં ઉદ્યોગ અને તેને લગતી બાબતોની જરૂરિયાતોના સંદર્ભમાં સર્વગ્રાહી આભ્યાસ કરવામાં આવશે. ત્યારબાદ તેમની જરૂરિયાતોને કેન્દ્રમાં રાખીને નવી ઉદ્યોગનીતિ તૈયાર કરવામાં આવશે. ઉદ્યોગોને અનુકૂળ બની રહે તેવી નીતિ અપનાવવાની ખાતરી તેમણે આપી છે. આ માટે દસ જેટલી એલગ અલગ ટાસ્કફોર્સની રચના કરવામાં આવશે. આ ટાસ્કફોર્સે ત્રણ મહિનામાં તેમની ભલામણો સાથેનો અહેવાલ સુપરત કરી દેવાનો રહેશે. રાજ્યકક્ષાના ટાસ્કફોર્સની કમિટી મુખ્યસચિવ જે.એન.સિંગના વડપણ હેઠળ રચવામાં આવી છે. તેમાં નાણાં, વન પર્યાવરણ, મહેસૂલ અધિક સચિવ, તથા ઉદ્યોગના અગ્રસચિવ, વાણિજયિક વેરા કમિશનર, ઉદ્યોગ વિભાગના સંયુક્ત સચિવ, નાયબ સચિવ અને ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યૂટીનો સમાવેશ કરવામાં આવ્યો છે. તદુપરાંત ઉદ્યોગકમિશનરના વડપણ હેઠળ એમએસએમઈ સેક્ટરના વિકાસનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ કમિટી ગુજરાતમાં માંદા પડી ગયેલા નાના એકમોને પુનઃપ્રસ્થાપિત કરવાના આયોજન અંગે પણ વિચારણા કરીને તેમની ભલામણો રજૂ કરશે. સ્ટાર્ટ અપ અને ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસના ક્ષેત્ર અંગે પણ અલગ કમિટીઓ રચવામાં આવી છે.

ટાસ્કફોર્સના અન્ય બિનસરકારી સભ્યોમાં ગુજરાત ચેમ્બર તથા એસોચેમ, સીઆઈઆઈ તથા ફિક્કીના ગુજરાતના પ્રમુખ, પીડીપીયુના ડાયરેક્ટર સી. ગોપાલ કૃષ્ણન અને આઈઆઈએમ અમદાવાદના પ્રોફેસર સેબાસ્ટિયન મોરેશ તથા આન્ત્રપ્રેન્યોર ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટના પ્રોફેસર દિનેશ અવસ્થી અને કિરણ જોશીને સ્થાન આપવામાં આવ્યું છે. આ કમિટીના સભ્ય સચિવ તરીકેની કામગીરી વધારાના ઉદ્યોગ સચિવ નિભાવશે.

ગુજરાત ક્રિટિકલી પોલ્યુટેડ જીઆઈડીસીની કેટેગરીમાં આવી ગયું હોવાથી નવી ઉદ્યોગ નીતિ હેઠળ પ્રદુષણ ન ફેલાય અને પર્યાવરણી સુરક્ષાની કામગીરી સુપેરે થાય તે માટે વન-પર્યાવરણના અધિક સચિવની અધ્યક્ષતામાં ઔદ્યોગિક આંતરમાળખાકીય સુવિધાના વિકાસ પર અને જમીનને લગતી બાબતો અંગે જીઆઈડીસીની અધ્યક્ષતામાં , વેપાર વાણિજ્યિક અને સેવાના ક્ષેત્રમાં વિકાસ માટે સ્પેશિયલ કમિશનર ઓન કોમર્શિયલ ટેક્સના અધ્યક્ષપણામાં કમિટી કામ કરશે. આ જ રીતે કારીગરોની કાર્યકુશળતા વિકસાવવા અને ઉદ્યોગોને અનુરૂપ માનવબળ પેદા કરવા માટે રાજગારી તાલીમ નિયામકના વડપણ હેઠળ ટાસ્કફોર્સની રચના કરવામાં આવી રહી છે.